# સ્વાધ્યાય 5.1

1. **નીચેની માહિતીમાંથી કઈ માહિતી દર્શાવવા સ્તંભાલેખનો ઉપયોગ કરશો ?**

(a) **ટપાલીના થેલામાં રહેલ જુદા - જુદા વિસ્તારના પત્રોની સંખ્યા.**

(b) **રમત સ્પર્ધાના સ્પર્ધકોની ઊંચાઈ.**

(c) **પાંચ કંપનીઓ દ્વારા ઉત્પાદન થયેલ કેસેટની સંખ્યા.**

(d) **રેલ્વે સ્ટેશને સવારે 7:00 થી સાંજના 7:00 વાગ્યા દરમિયાન ટ્રેનમાં મુસાફરી કરનાર મુસાફરોની સંખ્યા.**

**ઉપરોક્ત દરેક માટે કારણ આપો.**

જ. વર્ગીકૃત માહિતીને સ્તંભાલેખ સ્વરૂપે દર્શાવી શકાય છે. અહીં (b) અને (d) વર્ગીકૃત માહિતી છે તેથી તેને સ્તંભાલેખ વડે દર્શાવી શકાય, જ્યારે (a) અને (c) અવર્ગીકૃત માહિતી છે તેથી તેને સ્તંભાલેખ વડે ન દર્શાવી શકાય.

2. **એક દુકાનદાર પોતાના 'ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ' પર આવતા પુરૂષ (M), સ્ત્રી (F), છોકરો (B) અથવા છોકરી (G) માટે નોંધ કરે છે. નીચેની યાદી દુકાનદારે સવારના પ્રથમ ચાર કલાકમાં આવતા ગ્રાહકોની માહિતી દર્શાવે છે :**


**W, W, W, G, B, W, W, M, G, G, M, M, W, W, W, W, G, B, M, W, B, G, G, M, W, W, M, M, W, W, W, M, W, B, W, G, M, W, W, W, W, G, W, M, M, W, M, W, G, W, M, G, W, M, M, B, G, G, W.**

**ઉપરોક્ત માહિતી પરથી આવૃત્તિ ચિહ્નનો ઉપયોગ કરી આવૃત્તિ વિતરણ કોષ્ટક તૈયાર કરો અને લંબાલેખ વડે દર્શાવો.**

જ. આવૃત્તિ વિતરણ કોષ્ટક નીચે મુજબ છે.

| ગ્રાહકોનો પ્રકાર | આવૃત્તિ ચિહ્ન | ગ્રાહકોની સંખ્યા |
|---|---|---|
| W | 𝍸 𝍸 𝍸 𝍸 𝍸 𝍷𝍷𝍷 | 28 |
| M | 𝍸 𝍸 𝍸 | 15 |
| B | 𝍸 | 5 |
| G | 𝍸 𝍸 𝍷𝍷 | 12 |
| | **કુલ** | **60** |

લંબાલેખ નીચે મુજબ છે. જેમાં પ્રમાણ માપ 1 સેમી = 5 ગ્રાહકો છે.




**3. એક કારખાનાના કારીગરોનું સાપ્તાહિક વેતન (₹) નીચે મુજબ છે :**

**830, 835, 890, 810, 835, 836, 869, 845, 898, 890, 820, 860, 832, 833, 855, 845, 804, 808, 812, 840, 885, 835, 835, 836, 878, 840, 868, 890, 806, 840.**


**ઉપરોક્ત માહિતી પરથી આવૃત્તિ ચિહ્નનો ઉપયોગ કરીને 800-810, 810-820, … વર્ગ ધરાવતું આવૃત્તિ વિતરણ કોષ્ટક તૈયાર કરો.**

જ. આવૃત્તિ વિતરણ કોષ્ટક નીચે મુજબ છે.

| વર્ગ અંતરાલ | આવૃત્તિ ચિહ્ન | કારીગર |
|---|---|---|
| 800-810 | \|\|\| | 3 |
| 810-820 | \|\| | 2 |
| 820-830 | \| | 1 |
| 830-840 | ~~\|\|\|\|~~ \|\|\|\| | 9 |
| 840-850 | ~~\|\|\|\|~~ | 5 |
| 850-860 | \| | 1 |
| 860-870 | \|\|\| | 3 |
| 870-880 | \| | 1 |
| 880-890 | \| | 1 |
| 890-900 | \|\|\|\| | 4 |
| | **કુલ** | **30** |

**4.** **પ્રશ્ન-3 માં આપેલ માહિતી પરથી બનાવેલ આવૃત્તિ કોષ્ટકનો ઉપયોગ કરીને સ્તંભાલેખ તૈયાર કરો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

જ. સ્તંભાલેખ નીચે મુજબ છે. જેમાં પ્રમાણ માપ 1 સેમી = 1 કારીગર છે.




**(i) કયા વર્ગના કારીગરોની સંખ્યા મહત્તમ છે ?**

જ. 830-840


**(ii) ₹ 850 કે તેથી વધુ વેતન મેળવતા કારીગરોની સંખ્યા કેટલી છે ?**

જ. 10

**(iii) ₹ 850 થી ઓછું વેતન મેળવતા કારીગરોની સંખ્યા કેટલી છે ?**

જ. 20

**5. ચોક્કસ વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા રજા દરમિયાન નિહાળેલ ટી.વી.ના કલાકોની સંખ્યા આલેખ દ્વારા દર્શાવેલ છે. જેના પરથી નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**




**(i) સૌથી વધુ વિદ્યાર્થીઓએ કેટલા કલાક ટી.વી. જોયું ?**

જ. સૌથી વધુ વિદ્યાર્થીઓએ 4 – 5 કલાક ટી.વી. જોયું.

**(ii) કેટલા વિદ્યાર્થીઓએ 4 કલાકથી ઓછું ટી.વી. જોયું ?**

જ. 34 વિદ્યાર્થીઓએ 4 કલાકથી ઓછું ટી.વી. જોયું.

**(iii) કેટલા વિદ્યાર્થીઓએ 5 કલાકથી વધુ સમય ટી.વી. જોવામાં પસાર કર્યો ?**

જ. 14 વિદ્યાર્થીઓએ 5 કલાકથી વધુ સમય ટી.વી. જોવામાં પસાર કર્યો.